GJRJ040027152022

सत्यमेव जयते

| | |
|---|---|
| **રજુ કર્યા તારીખ :** | ૨૨/૦૯/૨૦૨૨ |
| **દાખલ તારીખ :** | ૨૨/૦૯/૨૦૨૨ |
| **ફેસલ તારીખ :** | ૨૮/૦૪/૨૦૨૬ |
| **સમયગાળો :** | **વર્ષ–માસ–દિવસ** |
| | **૦૩ – ૦૭ – ૦૬** |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર–VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી/૨૦૦૧/૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

:: FORM-A ::

---

**ગોંડલના મ્હે. બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ,**
**મુ.ગોંડલ, જી.રાજકોટ.**

---

**કુ. ઉર્મિલા ભોમસિંહ દેવડા**
બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મુ.ગોંડલ, જી.રાજકોટ.
**(ચુકાદાની તા.૨૮/૦૪/૨૦૨૬)**

**ફોજદારી કેસ નં.૨૦૧૫/૨૦૨૨**
**આંક :– ૪૦**

**ફરીયાદી : શ્રી સ ર કા ર**

**:: વિરૂધ્ધ ::**

**આરોપી : જગદીશભાઇ ઉર્ફે જગો ઉર્ફે જે.ડી.**
**સ/ઓ લક્ષમણભાઇ મકવાણા**
ઉ.વ.૩૧, ધંધો–મજુરી,
મુળ રહે. રીબડા, તા.ગોંડલ, જી.રાજકોટ.

| :: એફ.આઇ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન :: | |
|---|---|
| **પોલીસ સ્ટેશન :** | જીલ્લો રાજકોટ ગ્રામ્ય પોલિસ મથક : ગોંડલ સીટી પો.સ્ટે., ગોંડલ, જી.રાજકોટ ઝોન, વર્ષ–૨૦૨૨, ગુ.રજી.નં.૧૧૨ ૧૩૦૧૫૨૨૦૮૪૮/૨૦૨૨, તા.૨૮/૦૭/૨૦૨૨. |
| **ગુન્હો :** | ઇ.પી.કો. કલમ–૩૩૨, ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત :** | ઇ.પી.કો. કલમ–૩૩૨, ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબ. |
| **ફરીયાદી :** | શ્રી સરકાર સ્ટેટ ઓફ ગુજરાત (મુળ ફરીયાદી : જગદીશભાઇ ભીખનભાઇ સોલંકી) |
| **ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રી :** | શ્રી એ.એ.પઠાણ. |
| **આરોપી :** | **જગદીશભાઇ ઉર્ફે જગો ઉર્ફે જે.ડી. સ/ઓ લક્ષમણભાઇ મકવાણા** ઉ.વ.૩૧, ધંધો–મજુરી, મુળ રહે. રીબડા, તા.ગોંડલ, જી.રાજકોટ. |
| **આરોપી તરફે વિદ્બાન વકિલશ્રી :** | વિ.વ.શ્રી એન.એન.સરવદી. |

## :: FORM-B ::

| | |
|---|---|
| **ગુન્હો બન્યા તારીખ :** | તા.૨૭/૦૭/૨૦૨૨, કલાક ૧૧:૫૫ વાગ્યે. |
| **ફરીયાદની તારીખ :** | તા.૨૮/૦૭/૨૦૨૨, કલાક ૧૩:૦૦. |
| **ચાર્જશીટની તારીખ :** | તા.૧૭/૦૯/૨૦૨૨ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ :** | તા.૦૨/૦૧/૨૦૨૪ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ :** | તા.૧૯/૦૧/૨૦૨૪ |
| **ચુકાદો રાખ્યાની તારીખ :** | તા.૨૩/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ :** | તા.૨૮/૦૪/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો :** | ----------- |

## :: આરોપીની વિગત ::

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | ગુનાની કલમ | શું નિર્દોષ છોડ્યા/સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જગદીશભાઇ ઉર્ફે જગો ઉર્ફે જે.ડી. સ/ઓ લક્ષમણભાઇ મકવાણા | ૦૩/૦૮/ ૨૦૨૨ | ૦૧/૦૯/ ૨૦૨૨ | ઇ.પી.કો. કલમ–૩૩૨, ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબ. | નિર્દોષ | –– | ૨૯ દિવસ |

:: FORM-C ::

:: ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોની વિગત ::

**(એ) ફરીયાદપક્ષ તરફે :–**

**:: ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ::**

| ક્રમ | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૭ | જયેશભાઇ પાંચાભાઇ ભરડા | પંચસાહેદ |
| ૨ | ૦૯ | હરેશભાઇ મગનભાઇ હીરાણી | પંચસાહેદ |
| ૩ | ૧૦ | જગદીશભાઇ ભીખનભાઇ સોલંકી | ફરીયાદી |
| ૪ | ૧૪ | મશરુભાઇ લીંબાભાઇ ગમારા | સાહેદ |
| ૫ | ૧૮ | સંદિપભાઇ નાથાભાઇ ચાવડા | સાહેદ |
| ૬ | ૧૯ | ધનજીભાઇ કાળુભાઇ વાછાણી | પી.એસ.ઓ. |
| ૭ | ૨૪ | ભગવાનસિંહ જાબરસિંહ યાદવ | સાહેદ |
| ૮ | ૩૭ | ધર્મીષ્ઠાબેન ચંદુલાલ માઢક | ત.ક. અમલદાર |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

## :: ફરીયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવાઓ ::

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું. | ૦૮ |
| ૨ | ફરીયાદ. | ૧૧ |
| ૩ | ગુનો રજીસ્ટર કરવા બાબતનો પત્ર. | ૧૫ |
| ૪ | ફોરવર્ડિંગ લેટર. | ૧૬ |
| ૫ | હાજરીના પત્રકની નકલ. | ૧૭ |
| ૬ | ડેપ્યુટ હુકમ. | ૨૦ |
| ૭ | ગુનો દાખલ રીપોર્ટ. | ૨૧ |
| ૮ | એફ.આઇ.આર. | ૨૨ |
| ૯ | ગોંડલ સબ જેલના રજીસ્ટરનો ઉતારો. | ૩૮ |

### બચાવપક્ષે આંકે પડેલા દસ્તાવેજો :–

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

### કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો :–

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

### :: મુદ્દામાલની વિગત ::

| અ.નં. | મુદ્દામાલ પાવતી નંબર તથા તારીખ | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| – | –– | ––– |

## :: ચુ કા દો ::

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, તા.૨૭/૦૭/ ૨૦૨૨ ના કલાક ૧૧:૫૫ વાગ્યે આ કામના ફરીયાદી પોતાની ફરજ ઉપર હોય, તે દરમ્યાન આ કામના આરોપી અચાનક મેઈન ગેટમાં આવી, જેલના મુખ્ય દરવાજા પાસે દોડી જતા ફરીયાદીને તેઓ ભાગવાની કોશીશ કરતા હોય તેવુ લાગતા ફરીયાદીએ આરોપીને રોકતા આ કામના આરોપીએ ફરીયાદી સાથે બોલાચાલી કરી અને ફરીયાદી ઉપર હુમલો કરી, જપાજપી કરી, 'મને શા માટે રોક્યો' તેમ કહી ફરીયાદીને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુન્હો કરેલ હોય, જેની ફરીયાદ ફરીયાદીએ ગોંડલ સીટી પોલિસ સ્ટેશન ગુ.રજી. નં.૧૧૨૧૩૦૧૫૨૨૦૮૪૮/૨૦૨૨ થી ઈ.પી.કો. કલમ–૩૩૨, ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોય, આરોપી સામે પુરતો પુરાવો હોવાથી તેઓ સામે હાલનું ચાર્જશીટ કરવામાં આવતા તેને રજીસ્ટરે લઈ, ફોજદારી કેસ નં.૨૦૧૫/૨૦૨૨ થી નોંધવામાં આવેલ છે.

(૨) હાલના આરોપી સામે ચાર્જશીટ દાખલ થતા ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લઈ સમન્સ કરવામાં આવેલ. જે સમન્સ આરોપીને બજતા આરોપી તેઓના વકીલ સાથે હાજર થયેલ હતા. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ મુજબ હાલના આરોપીને ચાર્જશીટ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ અને ત્યારબાદ આરોપી સામે **આંક–૦૪** થી તહોમતનામું ફરમાવી, **આંક–૦૫** થી આરોપીની પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ પોતાનો ગુનો કબુલ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ અને સદર કેસ આગળ ચલાવવો હોય તેમ જણાવતા સદર કેસની આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે **FORM-C** માં રજુ રાખેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો પુર્ણ થતા હાલના આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–

૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષે હાલનો ખોટો કેસ કર્યો છે અને હું તદ્દન નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૪) ફરીયાદપક્ષે શ્રીસરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એ.એ.પઠાણ તથા આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી એન.એન.સરવદી નાઓની વિસ્તૃત મૌખિક દલીલો સાંભળવામાં આવેલ.

(૫) આમ, આ કામે હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.:

**:: મુદ્દા ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૭/૦૭/૨૦૨૨ ના કલાક ૧૧:૫૫ વાગ્યે આ કામના ફરીયાદી પોતાની ફરજ ઉપર હોય, તે દરમ્યાન આ કામના આરોપી અચાનક મેઇન ગેટમાં આવી, જેલના મુખ્ય દરવાજા પાસે દોડી જતા ફરીયાદીને તેઓ ભાગવાની કોશીશ કરતા હોય તેવુ લાગતા ફરીયાદીએ આરોપીને રોકતા આ કામના આરોપીએ ફરીયાદી સાથે બોલાચાલી કરી અને ફરીયાદી ઉપર હુમલો કરી, જપાજપી કરી, 'મને શા માટે રોક્યો' તેમ કહી ફરીયાદીને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આ કામના આરોપીએ ઇ.પી.કો. કલમ–૩૩૨, ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.:

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## :: <u>નિર્ણય માટેના કારણો</u> ::

(૭) અત્રે એ નોંધવુ જરૂરી બની રહે છે કે, આ કામે ફરીયાદપક્ષ તરફથી આ કામના આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનો સાબિત કરવા માટે સદર કલમોમાં જણાવ્યા અનુસારનો જરૂરી પુરાવો રેકર્ડ પર રજુ કરવાનો રહે છે તથા તે નિ:શંકપણે પુરવાર કરવો મહત્વનો બની રહે છે. જેથી રેકર્ડ પર આવેલ સમગ્ર પુરાવાની ચર્ચા / મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.:

**<u>:: મુદ્દા નં.૧ ની ચર્ચા :–</u>**

(૭) આ કામે આરોપી વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે **પંચસાહેદ જયેશભાઈ પાંચાભાઈ ભરડા** નાઓને **આંક–૦૭** થી તથા **પંચસાહેદ હરેશભાઈ મગનભાઈ હીરાણી** નાઓને **આંક–૦૯** થી તપાસવા માં આવેલા છે. તેઓએ **આંક–૦૮** ના પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે. એટલે કે, ફરીયાદપક્ષ તરફથી પંચસાહેદોને તપાસવા માં આવેલ છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામું રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામાને પંચસાહેદોએ સમર્થન આપી તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામું થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીના સમર્થનમાં જે પંચનામું થયેલ છે તે પંચનામું ફરીયાદપક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવુ જોઈએ, તે આ કામે **આંક–૦૮** નું પંચનામું પુરવાર થયેલ નથી. આ સંજોગોમાં પંચસાહેદોની જુબાનીથી કહેવાતા મુદ્દામાલની જપ્તી, રીકવરી પુરવાર થતી નથી.

(૭.૨) આ કામે આરોપી વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે આંક–૧૦ થી ફરીયાદી જગદીશભાઈ ભીખનભાઈ સોલંકી ને સોગંદ પર તપાસેલા છે. સદર ફરીયાદી સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, બનાવ તા.૨૭/૦૭/૨૦૨૨ ના રોજ બપોરના સાડા અગીયાર વાગ્યા પછીથી

બપોરના બારેક વાગ્યા સુધીમાં બનેલો. આ બનાવ ગોંડલ સબ જેલના મેઈન ગેટની અંદરના ભાગે બનેલો. બનાવ વખતે તેઓ ગોંડલ જેલ ખાતામાં હવાલદાર તરીકે ફરજ બજાવતા હતા. બનાવ વખતે તેઓની નોકરી સવારના આઠ વાગ્યાથી લઈ બપોરના બાર વાગ્યા સુધી જેલના મેઈન ગેટના ટેબલ ઉપર હતી અને તેઓ ફરજ ઉપર હાજર હતા. તે દરમ્યાન તેઓની પાસે બોર્ડર વીંગના કર્મચારી હતા અને જેલ અધિક્ષક ગમારા સાહેબ હતા અને સંદીપભાઇ ચાવડા પણ હાજર હતા અને તેઓની જેલના કાચા કામના કેદી જગદીશ લક્ષ્મણભાઈએ મેઈન ગેટ પર આવી ભાગવાની કોશીશ કરી એવુ લાગતા તે તેને રોકવાની કોશીસ કરેલી. જેથી તેણે તેઓની ઉપર હુમલો કરેલ અને જપાજપી કરેલી અને ''હું તને જોઇ લઈશ'' તેવી ધમકી આપેલી અને મેહુલસીંહ વાળા અને સંદીપભાઇ ચાવડાએ તેઓને છોડાવેલ. બનાવની તેઓએ ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેઓને બતાવતા તેમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. રજુ આંક–૧૧. આ સિવાય તેઓ બીજું કાંઇ જાણતા નથી.

સદરહુ ફરીયાદીની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓ આશરે ૧૦ વર્ષથી જેલ ખાતામાં ફરજ બજાવે છે. તેઓ ગોંડલ સબ જેલમાં આશરે નવેક મહિના નોકરી કરેલ છે. તેમજ તેઓ પોલિસમાં નોકરી કરે છે એટલે કાયદો જાણે છે. હાલની ફરીયાદ કરતા પહેલા કાયદા મુજબની તેઓએ પ્રોસીજર કરેલી. તેમજ તેઓએ કરેલી પ્રોસીજરના કોઇ કાગળ ફરીયાદ સાથે રજુ કરેલ નથી. તેમજ કોઈપણ બનાવ બનેલ ત્યારે તેને તાત્કાલીક પોલિસ ફરીયાદ કરવી જોઇએ. તેમજ જેલમાં ટેલીફોનની સુવિધા છે તથા તેઓની પાસે મોબાઇલ છે. તેમજ તેઓએ ગોંડલ જેલમાંથી ગોંડલ સીટી પોલિસ સ્ટેશનમાં આ બનાવની ફોનથી ફરીયાદ આપતા પહેલા કોઈ જાણ કરેલ નથી. હાલના બનાવની તેઓએ બીજા દિવસે પોલિસ ફરીયાદ કરેલી. તેમજ બનાવની એક દિવસનો લેટ ફરીયાદ કરેલી તેનો કોઇ ખુલાસો તેઓની ફરીયાદમાં નથી. તેમજ બનાવના દિવસે તેઓની ફરજ બપોરે બાર વાગે પુરી થઇ જતી હતી. તેમજ તેઓએ કોઇ ડોક્ટરી સારવાર લીધેલી નથી. તેમજ બનાવ

બન્યા બાદ તેઓની ફરજ રૂટીન મુજબ નિભાવતો હતો. આ ફરીયાદ તેઓએ મૌખિક લખાવેલી. તેમજ ગોંડલ સબ જેલમાં એક મેઈન ગેટ છે. તેમજ જેલમાં રહેલ કોઈપણ કેદીને કોર્ટમાં મુદ્દતમાં લઈ જવા માટે તેમજ જેલની રહેલ સ્ટાફને બહાર જવા માટે જેલના મેઈન ગેટનો નાનો દરવાજો ખોલવો પડે. તેમજ આ નાનો દરવાજો ખોલવા માટે ફરજ પરના જે અમલદાર હોય તેમણે દરવાજો ખોલ –બંધ કરવો પડે. તેમજ જેલનો મેઈન ગેટ અને નાનો દરવાજો હંમેશા તાળુ મારી બંધ રાખવાનો હોય છે અને ચાવી મેઈન ગેટ ખોલ–બંધ કરનાર કર્મચારી પાસે હોય છે. તેમજ કાચા કામના કેદીના કોઈ સગા આવે તો આવા કેદીના કપડા, ટુવાલ, સાબુ કેદી સુધી પહોંચાડવા ફરજ પરના અમલદારને આપવાના હોય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મુલાકાત અમલદારને આપવાના હોય છે અને મુલાકાત અમલદાર મેઈને ગેટમાં મેઈન ગેટ અમલદારની હાજરીમાં ઝડતી કરાવી અંદર મોકલાવે છે. તેમજ આ મેઈન ગેટના અંદરના ભાગે મેઈન ગેટ અમલદારનું ટેબલ છે અને તે ટેબલ પર ગેટ અમલદારે બેસવાનું હોય છે. તેમજ ગેટ અમલદાર ની ટેબલની ઉતરની દીશામાં જેલ અધિક્ષકની ઓફીસ છે. આ બનાવ બન્યો ત્યારે અધિક્ષકની ઓફીસમાં કોઈ ન હતુ. તેમજ મેહુલસિંહ વાળા અને સંદિપભાઈ એન. ચાવડા ઓફીસમાંથી બહાર આવેલાનું તેઓએ તેમની ફરીયાદમાં લખાવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ત્યાં ચાર ઓફીસો છે. તેમજ કેદીઓના બેરેકથી જેલના મેઈન ગેટ વચ્ચે બે ગેટ આવેલા છે. આ ગેટ ઉપર કોઈ ચોકિદાર હોતા નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બેરેક અને મેઈન ગેટ વચ્ચેના સર્કલ પર કર્મચારી હોય છે. જેલમાં કેદીઓ બેરેકમાં હોય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, દિવસ દરમ્યાન સવારના ૬ થી બપોરના ૧૨ વાગ્યા સુધી અને બપોરના ૩ થી સાંજની બંધી સુધી કેદીઓ બેરેકની બહાર યાર્ડની અંદર મુલાકાત માટે કે દવાખાના માટે બહાર હોય છે. તેમજ જેલની અંદર કેદીઓ એ મેઈન ગેટ સુધી આવવા માટે વચ્ચેનો દરવાજો પાર કરીને આવવુ પડે. તેમજ આ હાલના બનાવમાં તેઓના કપડા ફાટી ગયેલ હોય તેવુ બનેલ નથી. તેમજ તેઓની ફરીયાદમાં આરોપીએ શું ગાળો આપેલી તે જણાવેલુ નથી. તેમજ

તેઓની ઉપર ગોંડલ જેલમાં ફરજ દરમ્યાન એ.સી.બી.નો કેસ થયેલ છે. તેમજ આ ફરીયાદમાં તેઓ કેદીઓ પાસેથી પૈસા લેતા હોય એ બાબતની ફરીયાદ છે. તે સિવાય આરોપીપક્ષે મુકેલા બચાવના તમામ સજેશનો નકારી કાઢેલ છે.

(૭.૩) આ કામે આરોપી વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે આંક–૧૪ થી સાહેદ મશરુભાઈ લીંબાભાઈ ગમારા ને સોગંદ પર તપાસેલા છે. સદર સાહેદ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ગઈ તા. ૨૭/૦૭/૨૦૨૨ ના રોજ તેઓ ગોંડલ સબ જેલમાં જેલ અધિક્ષક ઈન્ચાર્જ તરીકે ફરજ પર હાજર હતા. તે દીવસે બપોરના પોણા બાર વાગ્યે તેઓ તથા જેલ સહાયક સંદીપભાઈ ચાવડા, બોર્ડર વીંગ અધિકારી ભગવાનસિંહ યાદવ તે રીતના બધા તેઓ ગેઈટ અમલદાર જગદીશભાઈ ભીખનભાઈના ટેબલ પાસે હાજર હતા, ત્યારે આરોપી જગદીશભાઈ લખમણભાઈ મકવાણા અને ગેઈટ જમાદાર જગદીશભાઈ વચ્ચે બોલાચાલીનો અવાજ થતા તેઓ તેમની ચેમ્બર–માંથી બહાર નીકળી જોતા બંને એકબીજા સામસામે બોલાચાલી કરતા હતા. તેઓએ સંદિપભાઈ અને મેહુલસિંહને આરોપી જગદીશભાઈ મકવાણાને જેલની અંદર મોકલી આપવાનું જણાવતાં મોકલી આપેલ. ત્યારે જગદીશભાઈ મકવાણા એ તેઓના સ્ટાફના જગદીશભાઈને ધમકી આપેલ કે, ''હું તને જાનથી મારી નાખીશ.'' બાદમાં હવાલદાર જગદીશભાઈએ તેઓને લેખીતમાં ફરીયાદ દાખલ કરવા અરજી આપેલ, જે અરજીની ઝેરોક્ષ નકલ તેઓને બતાવતા ઓળખી બતાવેલ છે. જે રજુ દાખલ આંક–૧૫. વધુમાં, જે ફરીયાદ તેઓએ તેમના ફોરવર્ડીંગ પત્ર સાથે સીટી પો.સ્ટે. ગોંડલને મોકલાવેલી, જે પત્ર તેઓને બતાવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. જે રજુ દાખલ આંક–૧૬. વધુમાં, જે પત્ર સાથે તેઓએ જગદીશભાઈ સોલંકી તથા અન્ય ફરજ પરના કર્મચારીની હાજરીની ઝેરોક્ષ આપેલ. જે તેઓને બતાવતા તેમાં તેઓ ઓળખી બતાવેલ છે. જે રજુ દાખલ આંક–૧૭. વધુમાં, જે અરજી અન્વયે પોલીસે જગદીશભાઈની ફરીયાદ લીધેલ. પોલીસે તેઓની પુછપરછ કરેલી હતી.

સદરહુ સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીએ તેઓનું નિવેદન બીજે દિવસે લીધેલ હતુ. તેમજ ગોંડલ સબ જેલમાં તેઓએ આશરે ૩ વર્ષ જેવી નોકરી કરેલી. તેમજ બનાવની જગ્યાથી કેદી જે બેરેકમાં હોય તે બંને વચ્ચે બે ગેઈટ આવેલ છે. તેમજ જેલનો મુખ્ય દરવાજો હંમેશા તાળુ મારી બંધ રાખવામાં આવે છે અને તેની ચાવી ત્યાં ફરજ પરના અધિકારી પાસે રહે છે. તેમજ બનાવ બનેલ ત્યારે તેઓ તેમની ઓફિસમાં હતા. તેમજ તેઓએ મેહુલ વાળા તથા સંદિપભાઇ ને આરોપી જગદીશભાઇ મકવાણાને જેલની અંદર મોકલી આપવાનું જણાવતા મોકલી આપેલ તેવુ તેઓના નિવેદનમાં લખાવેલ નથી. વધુમાં, એ હકીકત સ્વીકારેલ છે કે, હાલના ફરીયાદી સામે ગોંડલ સબ જેલમાં એ.સી.બી.નો કેસ થયેલો છે. તેમજ હાલના આરોપીને કદાચ રોકવામાં આવેલ ન હોય તો પણ જેલનો દરવાજો પસાર કરી જઇ શકે નહીં. તે સિવાય આરોપીપક્ષે મુકેલા બચાવના તમામ સજેશનો નકારી કાઢેલ છે.

(૭.૪) આ કામે આરોપી વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે આંક–૧૮ થી સાહેદ સંદિપભાઇ નાથાભાઇ ચાવડા ને સોગંદ પર તપાસેલા છે. સદર સાહેદ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ગઈ તા.૨૭ /૦૭/૨૦૨૨ ના રોજ ગોંડલ સબ જેલમાં ટેલીફોન ઓપરેટર તરીકે ફરજ પર હાજર હતા, મેઈન ગેટ પર બોલાચાલીનો અવાજ થતા તેઓ ત્યાં દોડી ગયેલા. ત્યાં ગેઈટ અમલદાર જગદીશભાઈ સોલંકી તથા કાચા આરોપી જગદીશભાઈ મકવાણા વચ્ચે બોલાચાલી કરી અને જપાજપી કરતા તેઓએ નજરે જોયેલા જેલ અધિક્ષકશ્રીએ આરોપીને સમજાવી અને અંદરની તરફ મોકલી આપેલ. જે અરજી અન્વયે તેઓની પુછપરછ કરેલી હતી.

સદરહુ સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીએ તેઓનું નિવેદન બીજે દિવસે લીધેલ હતુ. તેમજ બનાવના દિવસે તેઓની ફરજ ટેલીફોન ઓપરેટર

તરીકે હતી. જેથી તેઓ તેમની ઓફીસમાં હતા. તેમજ બોલાચાલીનો દેકારો થતા તેઓ બનાવના સ્થળે દોડી ગયેલા. તેમજ ગોંડલ સબ જેલમાં તેઓએ આશરે પાંચ વર્ષ જેવી નોકરી કરેલી. તેમજ બનાવની જગ્યાથી કેદી જે બેરેકમાં હોય તે બંને વચ્ચે બે ગેઇટ આવેલ છે. તેમજ જેલનો મુખ્ય દરવાજો હંમેશા તાળુ મારી બંધ રાખવામાં આવે છે અને તેની ચાવી ત્યાં ફરજ પરના અધિકારી પાસે રહે છે. તેમજ હાલના ફરીયાદી સામે ગોંડલ સબ જેલમાં એ.સી.બી.નો કેસ થયેલો છે. તેમજ હાલના આરોપીને કદાચ રોકવામાં આવેલ ન હોય તો પણ જેલનો દરવાજો પસાર કરી જઇ શકે નહીં. તે સિવાય આરોપીપક્ષે મુકેલા બચાવના તમામ સજેશનો નકારી કાઢેલ છે.

**(૭.૫)** આ કામે આરોપી વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે આંક–૧૯ થી પી.એસ.ઓ. ધનજીભાઇ કાળુભાઇ વાછાણી ને સોગંદ પર તપાસેલા છે. સદર સાહેદ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, તા. ૨૮/૦૭/૨૦૨૨ તેઓ ગોંડલ સીટી પોલિસ સ્ટેશનમાં પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા. તે દરમ્યાન પો.સ.ઇ. એમ.આર.સીંધવ સાહેબે પોતાની રુબરુમાં લીધેલ ફરીયાદીની ફરીયાદ ગુનો રજી. કરવા આપતા જે તેઓએ ગોંડલ સીટી પોલિસ સ્ટેશન એ–પાર્ટ ગુના નં.૮૪૮/૨૦૨૨, ઇ.પી.કો. કલમ–૩૩૨, ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો રજી. કરી સદરહુ ગુનાની આગળની તપાસ તપાસના ડેપ્યુટ હુકમ સાથે પો.સ.ઇ. ડી.સી.માઢક સાહેબને સોંપેલી, જે ડેપ્યુટ હુકમ પર તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓને ગુના દાખલ રીપોર્ટ બતાવવામાં આવેલ હોય, તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જે રજુ દાખલ આંક–૨૧. તેમજ અસલ એફ.આઇ.આર. બતાવવામાં આવેલ હોય, તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જે રજુ દાખલ આંક–૨૨.

સદરહુ પી.એસ.ઓ.ની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓએ ગુનો રજી. કર્યા અને તપાસ સોંપ્યા સિવાય કોઇ કાર્યવાહી કરેલ નથી. તેમજ બનાવ અંગે તેઓને કોઇ અંગત જાત

માહિતી નથી. તે સિવાય આરોપીપક્ષે મુકેલા બચાવના તમામ સજેશનો નકારી કાઢેલ છે.

(૭.૬) આ કામે આરોપી વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે આંક–૨૪ થી સાહેદ ભગવાનસિંહ જાબરસિંહ યાદવ ને સોગંદ પર તપાસેલા છે. સદર સાહેદ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ગઈ તા.૨૭ /૦૭/૨૦૨૨ ના રોજ ગોંડલ સબ જેલમાં મેઈન ગેટ ઉપર જડતી ફરજ પર હાજર હતા અને બપોરના પોણા બારેક વાગ્યે તેઓ તથા ગમારા સાહેબ તથા સંદીપભાઈ ચાવડા એ રીતેના ગેટ અમલદાર જગદીશ ભીખનભાઈના ટેબલ પાસે હાજર હતા. તે દરમ્યાન કાચા કામના આરોપી જગદીશ લક્ષ્મણ મકવાણા દોડીને ગેટ પાસે આવેલો અને ભાગવાની કોશીષ કરેલી. જેથી જગદીશભાઈ સોલંકીએ તેને રોકવાની કોશીષ કરેલી. તેમાં પછી બોલાચાલી અને જપાજપી આ બંને વચ્ચે થયેલી પછી તેઓ બધા હાજર પોલીસવાળાઓએ બંનેને છુટા પાડેલા. પોલીસે તેઓનું નીવેદન લીધેલ.

સદરહુ સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, તપાસ કરનાર અધિકારીએ તેઓનું નિવેદન બીજે દિવસે લીધેલ હતુ. તેમજ બનાવના દિવસે તેઓની ફરજ મેઈન ગેટ ઉપર જડતી તરીકે હતી. જેથી તેઓ મેઈન ગેઇટ ઉપર હતા. તેમજ બોલાચાલીનો દેકારો થતા તેઓ બનાવના સ્થળે દોડી ગયેલા. તેમજ આરોપી દોડીને આવેલો એવા શબ્દો તેઓએ તેમના પોલિસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. તેમજ ગોંડલ સબ જેલમાં તેઓએ આશરે ત્રણેક માસ જેવી નોકરી કરેલી. પછી તેઓની બદલી થઇ જતી હોય છે. તેમજ બનાવની જગ્યાથી કેદી જે બેરેકમાં હોય તે બંને વચ્ચે બે ગેઇટ આવેલ છે. તેમજ જેલનો મુખ્ય દરવાજો હંમેશા તાળુ મારી બંધ રાખવામાં આવે છે અને તેની ચાવી ત્યાં ફરજ પરના અધિકારી પાસે રહે છે. તેમજ હાલના ફરીયાદી સામે ગોંડલ સબ જેલમાં એ.સી.બી.નો કેસ થયેલો છે. તેમજ હાલના આરોપીને કદાચ રોકવામાં આવેલ ન હોય તો પણ જેલનો દરવાજો પસાર કરી

જઇ શકે નહીં. તે સિવાય આરોપીપક્ષે મુકેલા બચાવના તમામ સજેશનો નકારી કાઢેલ છે.

(૭.૭) આ કામે આરોપી વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષ તરફે આંક–૩૭ થી તપાસ કરનાર અમલદાર ધર્મીષ્ઠાબેન ચંદુલાલ માઢક ને સોગંદ પર તપાસેલા છે. સદર સાહેદ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, ગઈ તા.૨૮/૦૭/૨૦૨૨ ના રોજ તેઓ ગોંડલ સીટી પોલિસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ પર હતા. આ દીવસે ગોંડલ પોલિસ સ્ટેશન જન પી.એસ.ઓ.એ ગોંડલ સીટી પોલિસ સ્ટેશન ગુ.રજી.નં.૦૮૪૮/૨૦૨૨ થી ગુનો દાખલ કરી આગળની તપાસ તેઓને સોંપેલી. બાદ આ કામે તેઓએ સ્થાનીક જગ્યાનું પંચનામું પંચો રુબરુ કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા હતા. આ કામના આરોપી જગદીશભાઈ લક્ષ્મણભાઈ મકવાણા નું ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ હતા અને આ કામનો આરોપી શાપર વેરાવળ પોલિસ સ્ટેશન ગુ.રજી.નં.૧૫૫૪/૨૦૨૧ ના કામે આરોપી તા.૧૫/૧૨/૨૦૨૧ થી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય જેને ગોંડલ સબ જેલ ખાતે રાખવામાં આવેલ જેના રજી.નો ઉતારો તેઓએ તપાસના કામે સામેલ રાખેલો. જે રજુ દાખલ આંક–૩૮. તેમજ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય આરોપી સામે નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

સદરહુ ત.ક.અમલદારની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, ફરીયાદી સરકારી કર્મચારી છે તે બાબતનો કોઈ આધાર પુરાવો તેઓએ આ કામે રજુ કરેલ નથી. તેમજ તેઓએ આ કામે ફરીયાદી બનાવના દિવસે તેમની ફરજ પર હાજર હતા તે બાબતનો કોઈ લેખિત પુરાવો રજુ રાખેલ નથી. કેસનું રેકર્ડ જોય અને કહે છે કે, ફરીયાદીની ફરજ પર હાજરી બાબતનો દસ્તાવેજ આંક–૧૭ થી કામમાં સામેલ છે. તેઓને આંક–૧૭ બતાવવામાં આવે છે, તે જોઈ અને કહેલ છે કે, તેમાં તા.૨૭/૦૭/૨૦૨૨ લખેલ છે. તેમજ ગુનો દાખલ કરતા અગાઉ સી.આર.પી.સી. કલમ–૧૯૫ મુજબ

ની કોઇ કાર્યવાહી કરેલ નથી. તેમજ હાલના કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, જેલમાં માત્ર ફરજ પરના કર્મચારીઓ હોય છે જેમના નિવેદન લીધેલા છે. તેમજ ગોંડલ સબ જેલ ખાતે હાજર કોઇ કેદીઓના નિવેદન લીધેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, જેલના મેઇન ગેટ પાસે જ્યાં બનાવ બનેલો ત્યાં કોઇ કેદી હાજર હોય નહીં. તેમજ તેઓએ ફરીયાદીને શારીરીક ઈજાઓ થયેલ તે બાબતે કોઇ મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલ નથી. તેમજ ગોંડલ સબ જેલમાં સી.સી.ટી.વી. કેમેરા છે. તેમજ તેના સી.સી.ટી.વી. ફુટેજો હાલના કામે રજુ કરેલ નથી. તેઓને પી.એસ.ઓ.એ ગુનો રજી. કર્યા બાદ તા.૨૮/૦૭/૨૦૨૨ ના રોજ તપાસ સોંપેલી. તપાસ તેઓને મળતા તેઓ ઘટના સ્થળે ગયેલા. પંચનામાના અડધા કલાક અગાઉ તેઓ ઘટના સ્થળે કાગળો સાથે ગયેલા. બનાવ સ્થળે આશરે અડધા કલાકમાં પહોંચી ગયેલા અને પંચો કેટલી વારમાં આવી ગયેલા તે ચોક્કસ જણાવી શકે નહીં. તેમજ પંચનામું કરતા અડધો કલાક થયેલ. તેમજ પંચનામા વખતે તેઓએ સ્થળનો સાઇટ પ્લાન બનાવેલો નથી. તેઓની તપાસ દરમ્યાન ફરીયાદીને જેલમાં વિવાદ થયેલ તેવુ ખુલેલુ નહીં. તેઓની તપાસ દરમ્યાન તે હકીકત ખુલેલ નથી કે, આ કામના ફરીયાદી પર જેલમાં માલ-સામાન આપવા બાબતે એ.સી.બી.ની ફરીયાદ થયેલ છે. તે સિવાય આરોપીપક્ષે મુકેલા બચાવના તમામ સજેશનો નકારી કાઢેલ છે.

(૮) વધુમાં, આ કામે ફરીયાદપક્ષ દ્વારા આરોપીઓ સામે ઇ.પી.કો. કલમ-૩૩૨, ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર કરવાનો રહે છે. આ કામે આગળ ચર્ચા કરતા પહેલા આરોપીઓ વિરૂદ્ધ જે આક્ષેપો કરવામાં આવેલ છે તે આક્ષેપો સામેની કલમની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી જણાય છે.:

**- કલમ-૩૩૨ : રાજ્ય સેવકને પોતાની ફરજ બજાવતા રોકવા માટે સ્વેચ્છાપુર્વક વ્યથા કરવા બાબત.**

જે કોઇ વ્યકિત, કોઇ રાજય સેવકને એવી હેસીયતથી તે પોતાની ફરજ બજાવતો હોય ત્યારે અથવા તે રાજ્ય સેવકને કે અન્ય કોઇ રાજ્ય સેવકને એવી

હેસીયતથી પોતાની ફરજ બજાવતા અટકાવવાના કે રોકવાના ઈરાદાથી અથવા તેણે એવા રાજ્ય સેવકની હેસીયતથી પોતાની કાયદેસરની ફરજ બજાવતા કંઈ કૃત્ય કર્યુ હોય કે કરવાની કોશીશ કરેલ હોય, તેના પરીણામે એવા રાજ્ય સેવકને સ્વેચ્છાપુર્વક વ્યથા કરે, તેને ત્રણ વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**– આ કલમ હેઠળના આવશ્યક તત્વો નીચે મુજબ છે.:–**

(૧) આરોપીએ રાજ્ય સેવકને વ્યથા પહોંચાડેલી હોવી જોઇએ.

(૨) આવી વ્યથા (અ) રાજ્ય સેવક જ્યારે તેની ફરજ બજાવતો હોય ત્યારે અથવા (બ) તેની ફરજમાં રૂકાવટ કરવાના ઈરાદાથી અથવા (ક) રાજ્ય સેવકની હેસીયતથી તેની ફરજના ભાગરૂપે કોઇ કૃત્ય કરવા અથવા તે માટે પ્રયત્ન કરવાના પરીણામે કરાયેલી હોવી જોઇએ.

**– કલમ–૧૮૬ : સરકારી કર્મચારીને તેની ફરજ બજાવતા અટકાવવા અથવા તેમાં અવરોધ ઊભો કરવા સાથે સંબંધિત છે.**

જ્યારે કોઈ વ્યક્તિ જાણી, જોઈને (સ્વૈચ્છિક રીતે) કોઈ સરકારી સેવકને કે કોઈ જાહેર સેવક (Public Servant) ને તેની જાહેર ફરજો બજાવવામાં અવરોધ (Obstruction) કે દખલગીરી ઉભો કરે.

**– આ કલમ હેઠળના આવશ્યક તત્વો નીચે મુજબ છે.:–**

(૧) **જાહેર સેવકની હાજરી :** આ કલમ લાગુ થવા માટે જે વ્યક્તિના કામમાં અવરોધ આવ્યો હોય, તે વ્યક્તિ કાયદેસરની રીતે **'જાહેર સેવક' (Public Servant)** હોવી જોઈએ. (જેમ કે પોલીસ અધિકારી, રેવન્યુ ઓફિસર, સરકારી ડોક્ટર વગેરે).

(૨) **સ્વેચ્છાએ અવરોધ (Voluntary Obstruction)** : આ સૌથી મહત્વનું તત્વ છે. આરોપીએ જાણી, જોઈને અને **સ્વેચ્છાએ** અવરોધ ઊભો કરેલો હોવો જોઈએ. જો અજાણતા કે કોઈ અકસ્માતને કારણે અવરોધ ઊભો થયો હોય, તો આ કલમ લાગુ પડતી નથી.

(૩) **જાહેર સેવકની ફરજ બજાવતા હોવા દરમ્યાન :** અવરોધ ત્યારે જ ગુનો બને છે, જ્યારે જાહેર સેવક તેની **જાહેર ફરજો (Public Functions)** બજાવી રહ્યો હોય. જો તે વ્યક્તિ અંગત કામ પર હોય, તો આ કલમ હેઠળ ગુનો નોંધી શકાતો નથી.

(૪) **અવરોધનું સ્વરૂપ :** અવરોધ એટલે માત્ર શારીરિક હુમલો જ નહીં, પણ એવી કોઈપણ ક્રિયા જેનાથી સરકારી કામમાં અડચણ આવે. જો કે, માત્ર મૌખિક દલીલો કે પ્રશ્નો પુછવાને હંમેશા '**અવરોધ**' ગણવામાં આવતો નથી, પણ જો તેનાથી કામ અટકી જતુ હોય, તો તે આ કલમ હેઠળ આવી શકે છે.

**– કલમ–૫૦૪ : સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપુર્વક અપમાન કરવા બાબત.**

ઉશ્કેરાઇ જઇને કોઇ વ્યકિત જાહેર સુલેહ શાંતીનો ભંગ કરે અથવા કોઇ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઇ વ્યકિત જાહેર સુલેહ શાંતીનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઈ વ્યકિત, ઈરાદાપુર્વક બીજી કોઇ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદી અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**– આ કલમ હેઠળના આવશ્યક તત્વો નીચે મુજબ છે.:–**

(૧) આરોપીએ કોઇ વ્યકિતનું અપમાન કરેલુ છે.

(૨) તેણે આમ ઈરાદાપુર્વક કરેલુ છે.

(૩) આમ કરીને તેણે તે વ્યકિતને ઉશ્કેરેલી છે.

(૪) આવી ઉશ્કેરણીથી તે વ્યકિત જાહેર સુલેહ શાંતીનો ભંગ કરશે અથવા અન્ય કોઇ ગુનો કરશે તેવી સંભાવના હોવાની જાણકારી અથવા ઈરાદાથી આમ આરોપીએ કરેલુ હતુ.

**– કલમ–૫૦૬(૨) : ગુનાહિત ધમકી માટેની શિક્ષા.**

જ્યારે કોઇ વ્યકિત મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરેની ધમકી આપતો હોય જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરેની કરવાની હોય તો અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરેની અથવા આગથી કોઇ મિલકતનો નાશ કરવાની અથવા મોતની આજીવન કેદની અથવા સાત વર્ષની મુદ્દત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા કોઇ સ્ત્રી ઉપર ચારીત્ર્યહિનતાનું આળ મુકવાનું હોય તો તેને સાત વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**– આ કલમ હેઠળના આવશ્યક તત્વો નીચે મુજબ છે.:–**

(૧) આરોપીએ કોઇ વ્યકિતની જાત, પ્રતિષ્ઠા અથવા મિલકતને અથવા તે વ્યકિતને જેનામાં હિતરસ હોય તેવી વ્યકિતની મિલકત વગેરેને હાની કરવાના હેતુથી ધમકી આપેલી હતી.

(૨) આરોપીએ ગુનાના ભોગ બનનારને ચેતવણી આપવા ઈરાદાપુર્વક આમ કરેલુ હતુ.

(૩) ભોગ બનનાર જે કરવા કાયદેસર બંધાયેલો નથી તેવુ કૃત્ય કરાવવા તેણે આમ કરેલુ હતુ.

**<u>:: પુરાવાનું મુલ્યાંકન ::</u>**

**(૯)** આમ, ફરીયાદપક્ષે રજુ રાખેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા અને સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા, આ કામે ફરીયાદી જગદીશભાઇ ભીખનભાઇ સોલંકીની આંક–૧૦ ની જુબાની, આંક–૧૪ થી સાહેદ મશરૂભાઇ લીંબાભાઇ ગમારાની જુબાની, આંક–૧૮ થી સાહેદ સંદિપભાઇ નાથાભાઇ ચાવડાની જુબાની તથા આંક–૨૪ થી સાહેદ ભગવાનસિંહ જાબરસિંહ યાદવની જુબાની જોતા, બનાવ તા.૨૭/૦૭/૨૦૨૨ ના રોજ બનેલો. જ્યારે આંક–૧૧ વાળી ફરીયાદ જોવામાં આવે તો, ફરીયાદ તા.૨૮/૦૭/૨૦૨૨ ના રોજ કરવામાં

આવેલ છે. આમ, ફરીયાદ એક દિવસ મોડી આપવામાં આવેલ છે, જે બાબતે ફરીયાદીની ઉલટતપાસ ધ્યાને લેતા, તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **''એ વાત ખરી છે કે, બનાવની એક દિવસ લેટ ફરીયાદ કરેલી, તેનો કોઇ ખુલાસો મારી ફરીયાદમાં નથી.''** વધુમાં, ફરીયાદીની ફરીયાદ મુજબ સાહેદ મશરૂભાઇ લીંબાભાઇ ગમારા, સાહેદ સંદિપભાઇ નાથાભાઇ ચાવડા તથા સાહેદ ભગવાનસિંહ જાબરસિંહ યાદવ નાઓ બનાવ સમયે બનાવવાળી જગ્યાએ હાજર હતા. જ્યારે બચાવપક્ષે આંક–૧૪ થી મશરૂભાઇ લીંબાભાઇ ગમારા નાઓને તપાસવામાં આવેલા છે. જેમણે તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, **''બનાવના દિવસે તેઓ ગેઇટ અમલદાર જગદીશભાઇ ભીખનભાઇના ટેબલ પાસે હાજર હતા.''** જ્યારે તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે, **''એ વાત ખરી છે કે, બનાવ બનેલ ત્યારે હું મારી ઓફીસમાં હતો.''** તે જ રીતે આંક–૧૮ થી તપાસવામાં આવેલા સાહેદ સંદિપભાઇ નાથાભાઇ ચાવડા તેઓની ઉલટતપાસમાં જણાવે છે કે, **''બનાવના દિવસે મારી ફરજ ટેલીફોન ઓપરેટર તરીકે હતી, જેથી હું અમારી ઓફીસમાં હતો. એ વાત ખરી છે કે, બોલાચાલીનો દેકારો થતા હું બનાવના સ્થળે દોડી ગચેલો.''** તે જ રીતે આંક–૨૪ થી તપાસવામાં આવેલા સાહેદ ભગવાનસિંહ જાબરસિંહ યાદવની સરતપાસ મુજબ તેઓ બનાવ વખતે જગદીશભાઇ ભીખનભાઇના ટેબલ પાસે હાજર હતા. જ્યારે તેઓની ઉલટતપાસ માં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **''એ વાત ખરી છે કે, બોલાચાલીનો દેકારો થતા હું બનાવના સ્થળે દોડી ગચેલો.''** આમ, આ તમામ હકીકત ધ્યાને લેતા ફરીયાદપક્ષનો પુરાવો વિશ્વાસ પ્રેરીત જણાય આવતો નથી.

**(૧૦)** વધુમાં, આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬ ના ગુનાનો આક્ષેપ છે. ત્યારે આ તબકકે નામદાર ગુજરાત હાઇકોર્ટે તાજેતરમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬, ૧૮૮, ૧૮૯, ૨૬૯, ૨૭૦, ૫૦૪, ૫૦૬(૨) તેમજ ગુજરાત પોલિસ એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાઓ અંગેના સંજ્ઞાન બાબતે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૦૯,

૧૯૫(૧)(ક)(૧) તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના દોલતરામ વિરૂદ્ધ સ્ટેટ ઓફ પંજાબના એ.આઇ.આર. ૧૨૦૬ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત લક્ષમાં લેતા, એવુ ઠરાવવામાં આવેલ છે કે, ફોજદારી કાર્યરીતી સંહિતા ની કલમ–૧૯૫ ની જોગવાઇ ફરજીયાત સ્વરૂપની છે. તેમજ સદરહું ગુનાઓ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૭૨ થી ૧૮૮ થી છુટા પાડી શકાય નહીં. તેવા અને તે ગુના સાથે સંબંધીત ફરીયાદ કોર્ટ અથવા જાહેર સેવકે કરવાની ફરજ રહે છે. જે સંદર્ભે નીચેનો ચુકાદો ધ્યાને લેવો ન્યાયોચીત જણાય છે.:

**2021(0) A.I.J.E.L. H.C. 243380,**
**Suresh Ramanbhai Patel**
**Versus**
**State Of Gujarat,**
**Date : OCTOBER 29, 2021.**

**9.** Considering the principle rendered in Daulat Ram's case (supra), the law can be summarised to the effect that there must be a complaint by the public servant whose lawful order has not been complied with and such complaint must be in writing. The provisions of Section 195 Cr.P.C. are mandatory in nature and the non compliance thereof would vitiate the prosecution and all other consequential orders.The Court cannot assume cognizance of the case without such complaint. In the absence of such a complaint, the trial and conviction will be void ab initio being without jurisdiction.

**10.** In the present cases, apart from invocation of Sections 172 to 188 of IPC, offences under other Sections of the Indian Penal Code as also the Gujarat Police Act and Disaster Management Act have been invoked. The 'test' whether there is non compliance of the provision of Section 195 Cr.P.C. or not is whether the facts disclose 'PRIMARILY' and 'essentially' an offence for which a complaint of the 'Court' or of a 'public servant' is required.

- The provision of Section 195 Cr.P.C. cannot be 'evaded' by describing the offence as one being punishable under some other sections of IPC, though in truth and substance, the offence 'falls' in a category mentioned in Section 195 Cr.P.C. Judgment.

- In the cases on hand, the facts suggest that the offences, other than one punishable under Sections 172 to 188 of IPC, are "INSEPARABLE" and are RELATED to the offence for which a complaint of the Court or of a public servant is required or is mandatory. In the present cases, admittedly, no such complaint has been given and thus, the provision of Section 195 Cr.P.C. have not been complied with. Under the circumstances, the impugned complaints deserve to be quashed and set aside on this ground alone.

**(૧૧)** આમ, ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતની સાથે-સાથે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા નીચેના ચુકાદામાં સ્પષ્ટ ઠરાવેલ છે કે, કલમ-૧૯૫ ની ફરજીયાત જોગવાઈને પાલન કરવામાં આવેલ ન હોય અને સંજ્ઞાન લઈ તે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવે તો, તે શરૂઆતથી જ હકુમત વગરની છે.

**1962(0) A.I.J.E.L. S.C. 7349,**
**Daulat Ram**
**Versus**
**State of Punjab And Haryana,**
**Date : 25/01/1962.**

**4.** Now the offence u/s. 182 of the Penal Code, if any, was undoubtedly complete when the appellant has moved the Tehsildar for action. sec. 182 does not require that action must always by taken if the person who moves the public servant knows or believes that action would be taken. In making his report to the Tehsildar

therefore if the appellant believed that some action would be taken (and he had no reason to doubt that it would not) the offence under that section was complete. It was therefore incumbent, if the prosecution was to be launched, that the complaint in writing should be made by the Tehsildar as the public servant concerned in this case, On the other hand what we find is that a complaint by the Tehsildar was not filed at all but a charge sheet was put in by the Station House Officer. The learned counsel for the State Government tries to support the action by submitting that sec. 195 has been complied with inasmuch as when the allegation has been disproved the letter of the Superintendent of Police was forwarded to the Tehsildar and he asked for "a calendar." (Sic This paper was filed along with the charge sheet and it is stated that this satisfies the requirements of sec. 195. In our opinion, this is not a due compliance with the provisions of that section.What the section Contemplates is that the complaint must be in writing by the public servant concerned and there is no such compliance in the present case. The cognizance of the case was therefore wrongly assumed by the court without the complaint in writing of the public servant namely the Tehsildar in this case. "The trial was thus without Jurisdiction ab intio and the conviction cannot be maintained."

**5.** The appeal is therefore allowed and the conviction of the appellant and the sentence passed on him are set aside.

**(૧૨)** આ કામે તપાસવામાં આવેલા પંચસાહેદોને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. જેની ફરીયાદપક્ષે વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. પરંતુ, પંચસાહેદોએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

આમ, ફરીયાદીના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. તેવા સંજોગોમાં આ કામે રજુ થયેલ રેકર્ડ ઉપરનો તમામ પુરાવો ધ્યાને લેતા, જેથી **મુદ્દા નં.૧** નો નિર્ણય '**નકારમાં**' ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબ **આખરી હુકમ** કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના આરોપી **જગદીશભાઈ ઉર્ફે જગો ઉર્ફે જે.ડી. સ/ઓ લક્ષ્મણભાઈ મકવાણા,** ઉ.વ.૩૧, ધંધો-મજુરી, મુળ રહે. રીબડા, તા.ગોંડલ, જી.રાજકોટ નાઓને ગોંડલ સીટી પોલિસ સ્ટેશન ગુ.રજી.નં. ૧૧૨૧૩૦૧૫૨૨૦૮૪૮/૨૦૨૨ થી ઈ.પી.કો. કલમ-૩૩૨, ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનાના તહોમતમાંથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) મુજબના હેતુ માટે અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ-**૨૮ મી,** માહે-**એપ્રિલ,** સને-**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૮/૦૪/૨૦૨૬
સ્થળ : ગોંડલ.

**(કુ. ઉર્મિલા ભોમસિંહ દેવડા)**
બીજા એડી. ચીફ જ્યુડી. મેજી., ગોંડલ.
**(UIC No.01259)**